# જુનાગઢ વિસાવદર પો.સ્ટે. હદ વિસ્તારમાંથી અપહરણ થયેલ કિશોરીને શોધી કાઢી, આરોપીને પકડી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચના પો.સ.ઇ. સી.આર.દેસાઇ તથા તેમની ટીમના માણસો સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીગમા હતા. તે દરમ્યાન હે.કો.શૈલેષભાઇ રાધેબીહારી અને પો.કો. મનોજ તુકારામભાઇ નાઓને મળેલ હકીકત આધારે સીમાડા નાકા શક્તિવિજય સોસાયટી આશીદીપ સ્કુલ પાસેથી આરોપી-જયરાજ S/O વિરાભાઇ બચુભાઇ ગીડા ઉ.વ.૩૦,ધંધો રી.ડ્રા રહે. ગામ. હજાણી પીપળીયા તા.વિસાવદર જી.જુનાગઢ નાને વિસાવદર પોલીસ સ્ટેશન ફરીયાદ નં. પાર્ટ –A-૧૧૨૦૩૦૭૦૨૦૦૦૩૩૨૦૨૦ ઇ.પી.કો. ક.૩૬૩, ૩૬૬ મુજબના ગુન્હમાં સંડોવાયેલ હોય આ કામના ફરીયાદીશ્રી નાઓની દીકરી ઉ. વ. ૧૬ વર્ષ ૩ માસ નાનીને તા.૨૯/૦૨/૨૦૨૦ ના ક.૨૦/૦૦ વાગ્યા દરમ્યાનમાં ગામ.હાજાણી પીપળીયા,તા.વિસાવદર જી.જુનગઢ. ખાતેથી આરોપી જયરાજ વીરાભાઇ ગીડા નામનો ઇસમ લગ્નની લાચલ આપીને લલચાવી ફોસલાવી અપહરણ કરીને લઈ ગયેલ હોય. સદર ગુનો તા.૩૦/૦૧/૨૦૨૦ ના ક.૧૩/૨૦ વાગ્યે વિસાવદર પો.સ્ટે.માં નોધાયેલ છે. ત્યારબાદ આરોપી અને કિશોરી સુરત શહેરમાં આવી સિમાડા નાકા શક્તિવિજય સોસાયટીમાં રહેવા લાગેલ હતા. દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ માણસોને મળેલ હકીકત આધારે આરોપી અને અપહરણ થયેલ કિશોરીને શોધી કાઢી, ઉપરોક્ત ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.